# લુથરા ગ્રુપનું એન્વાયર્મેન્ટ ક્ષેત્રે યોગદાન



**ગિરીશ લુથરા**
**લુથરા ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ**

> બિઝનેસની સાથે ફેમિલી અને હોબીને ક્યારેય જોડવી ન જોઇએ, સતત શીખતા રહેવું એ મારી અને મારી કંપનીની આદત છે

આઝાદી પહેલાંની વાત છે. લુથરા ફેમિલી ૧૯૪૦માં ફરતા ફરતાં સુરતમાં આવીને વસ્યા. ત્યારે જ પોતાની તાકાતના ઘોડાને પાંખો આપીને લુથરા કંપની ચાલુ કરી હતી. રમેશ લુથરા દ્વારા ચાલુ કરવામાં આવેલી કંપનીએ ઘણા બધા અપ્સ એન્ડ ડાઉન્સમાંથી પસાર થવું પડ્યું પરંતુ જ્યારે પોતાના ઇરાદા મજબૂત અને સમાજ માટે કંઇક સારું કરવા માટેના હોય તો કુદરત પણ હંમેશાં સાથ આપતી હોય છે.

ભારતના એક નહીં બે નહીં પરંતુ છ જેટલાં રાજ્યોમાં પોતાના તાકાતવર ઘોડાને ઉડાડનાર લુથરા ગ્રુપ ઓફ કંપનીઝના ચેરમેન ગિરીશ લુથરા કહે છે કે, 'મારા ફાધર દ્વારા અમને સૌ કોઇને ઘણું બધું શીખવા મળ્યું છે. આજે અમે ટોપ મોસ્ટ એન્વાયર્મેન્ટ કંપનીઝમાંની એક કંપની છીએ એનો અમને ગર્વ છે.' લુથરા ગ્રુપ ઓફ કંપનીઝની શરૂઆત એન્વાયરોમેન્ટલ ઇન્વેસ્ટરથી શરૂ થઇ હતી. ત્યાર બાદ મિનિસ્ટ્રી ઓફ ટેક્સ્ટાઇલ દ્વારા ટેક્સ્ટાઇલ પાર્ક ચાલુ કરવામાં આવ્યો. આ ટેક્સ્ટાઇલ પાર્કમાં તમામ ફેસિલિટી પ્રોવાઇડ કરવામાં આવે છે.

લુથરા ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ કે જેના અંદરમાં ગુજરાત ઇકો ટેક્સ્ટાઇલ પાર્ક, ગ્રીન જીન એન્વાયરો પ્રોટેક્શન, ગુજરાત એન્વાયરો પ્રોટેક્શન જેવા બી ટુ બી મોડેલ વર્ક કરી રહ્યા છે તેની પાછળની સફળતાનો શ્રેય પોતાના ટીમ મેમ્બરને આપતા ગિરીશભાઇ લુથરા કહે છે કે, 'અમે આજે જે કંઇ પણ છીએ તે અમારા રીસર્ચ, અમારા જ્ઞાન, અમારી ટીમના લીધે છીએ. અમારી કંપનીમાં દરેક એમ્પલોયીને જોબ સેટીસ્ફેક્શન છે.'

હાલમાં પણ ટેક્સ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝમાં સૌથી મોટો પ્રશ્ન વોટર રિસાઇકલીંગનો છે ત્યારે લુથરા ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝે ન માત્ર સુરતને પરંતુ ભારતના મોટાભાગનાં રાજ્યોમાં વોટર રિસાઇકલીંગનો પ્રોજેક્ટ સ્થાપેલો છે જેમાં તેઓને ભવ્ય સફળતા પણ મળી છે. ગુજરાત ઉપરાંત રાજસ્થાન, હરિયાણા, તમિલનાડુ, વેસ્ટ બેંગાલ જેવાં સાતથી વધુ રાજ્યોમાં લુથરા ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝ વોટર રિસાઇકલીંગ, ઝીરો વોટર ડિસ્ચાર્જ , વેસ્ટ વોટર મેનેજમેન્ટ પર ન માત્ર કામ જ કરી રહી છે પરંતુ લોકોનું નોલેજ પણ વધારી રહી છે. આજની યુવા પેઢી પણ આજે જ્યારે પર્યાવરણ તરફ વધારે કાળજી લેવા લાગી છે ત્યારે લુથરા ગ્રુપ ઓફ ઇન્ડસ્ટ્રીઝની આ કામગીરી સરાહનીય છે.

'ગુજરાતમિત્ર'ની જેમ સુરતમાં જ જન્મેલી પોતાની સુરતી કંપનીની ખ્યાતિ ધરાવતી લુથરા ગ્રુપ ઓફ કંપનીઝ સતત નવું નવું શીખીને તેને ઇમ્પલીમેન્ટ કરતી રહે છે તે તેની કોર ફિલોસોફી છે. આ ઉપરાંત રીસ્ક મેનેજમેન્ટ એ લુથરા ગ્રુપ ઓફ કંપનીઝની ખૂબી છે. માત્ર ફાયદો જ નહીં પરંતુ પર્યાવરણની જાળવણી એ લુથરા ગ્રુપનું એક માત્ર ધ્યેય છે. કંપની હંમેશાં કંપનીની અંદર અને બહારનાં લોકોની પરવા વધારે કરે છે. ગિરીશ લુથરા પોતાના બેલેન્સીંગ સ્વભાવ વિશે કહે છે કે, 'અમે હંમેશાં એટલું ધ્યાન રાખ્યું છે કે કંપનીનો માત્ર પ્રોફેશનલ ગ્રોથ જ ન જોવાનો પરંતુ સોસાયટીનો ગ્રોથ પણ જોવાનો. કુદરતી રિસોર્સીસને બચાવવું અને એનર્જી સેવ કરવાનો અમારો મુખ્ય હેતુ છે. હું એવું માનું છું કે બિઝનેસની સાથે ફેમિલી અને હોબીને ક્યારેય જોડવી ન જોઇએ, સતત શીખતા રહેવું એ મારી અને મારી કંપનીની આદત છે.વળી, સુરત એ હેપ્પીનેસની સિટી છે. અહીંનાં લોકો ખૂબ જ ખુશમિજાજ હોય છે ત્યારે અમારી કંપની દ્વારા અમે પણ પર્યાવરણને ખુશ અને હંમેશાં લીલું રાખવાનો પ્રયત્ન સતત કરતા રહીએ છીએ.

સુરત કે જે ડાયમંડ હબની સાથે ટેક્સ્ટાઇલ હબ પણ છે ત્યારે ટેક્સ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝને કારણે પર્યાવરણને ઘણું બધું નુકસાન થતું હોય છે. લુથરા કંપનીના પાયોનિયર્સે સુરતની 'ક્લીન સુરત ગ્રીન સુરત' છબી ઉપસાવવામાં ઘણું મોટું યોગદાન આપ્યું છે.

વધુ જાણવા QR સ્કેન કરો



Excellence is the gradual result of always striving to do better. - Pat Riley